**ક્રિમી.કેસ નંબર : ૧૧૯૨ / ૨૦૧૦ ના કામે આંક :૧ લગત હુકમ**

**આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી સ્પે. સીટીંગ રાખવામા આવેલ છે. જેમા જુના કેસો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામા આવેલ છે. કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા ત્યાર બાદના પત્રો વંચાણે લીધા.નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સબંધે આદેશો કરવામા આવેલ છે. આરોપી ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે બજે કે વગર બજે પણ પરત આવેલ નથી. જે સબંધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમા પણ ખુલાસા પુછવામા આવેલ છે. જે સબંધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી.**

**નામદાર સર્વોચ્ચ અદાલતે <u>૨૦૧૭(૧) જી.એલ.એચ. ૭૭૨ હુસેન વિ. યુનિયન ઓફ ઈન્ડીયાના</u> ચુકાદામા બંધારણના અનુ. ૨૧ સબંધે ચર્ચા કરેલ છે, તેમજ પારા–૧૮ મા એપ્રિલ ૨૦૧૫ મા તમામ રાજયના મુખ્યમંત્રી તથા તમામ રાજયના નામદાર ચીફ જસ્ટીસ સાહેબોની મિટીંગ દરમ્યાન પાંચ વર્ષથી જુના કેસોના નિકાલ સબંધે આદેશો કરેલ છે, જેમા પારા–૨૭ મા સમગ્ર ચુકાદાનો સારાંશ આપી ઠરાવેલ છે કે, (C) EFFORTS BE MADE TO DISPOSE OF ALL CASES WHICH ARE FIVE YEARS OLD BY THE END OF THE YEAR**

**(E) THE ABOVE TIMELINES MAY BE THE TOUCHSTONE FOR ASSESSMENT OF JUDICIAL PERFORMANCE IN ANNUAL CONFIDENTIAL REPORTS**

**(iii) THE HIGH COURTS MAY PREPARE, ISSUE AND MONITOR APPROPRIATE ACTION PLANS FOR SUB ORDINATE COURS**

**(v) THE HIGH COURTS MAY MONITOR STEPS FOR SPEEDY INVESTIGATION AND TRIALS ON ADMINISTRATIVE AND JUDICIAL SIDE FROM TIME TO TIME.**

આમ પાંચ વર્ષથી જુના કેસોનો ઝડપી નિકાલ કરવા સબંધે નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદાનુ પાલન કરવાની આ અદાલતની ફરજ બની જાય છે. ઉકત ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે અખ્તરી બી. (શ્રીમતી) વિ. સ્ટેટ (૨૦૦૧)૪ સુ.કો.કે. ૩૫૫, સુરીન્દર સીંગ વિ. સ્ટેટ ઓફ પંજાબ (૨૦૦૫) ૭ સુ.કો.કે. ૩૮૭, તથા એ.આર. અંતુલે વિ. આર.એસ. નાયક (૧૯૯૨) ૧ સુ.કો.કે. ૨૨૫ તથા હુસેનઆરા ખાતુન વિ. સ્ટેટ ઓફ બિહાર (૧૯૯૫) ૫ સુ.કો.કેસીસ ૩૨૬ જેવા અન્ય ૧૨ ચુકાદાઓ ઉપર આધાર રાખી ઉપરોકત આદેશાત્મક સુચનાઓ આપેલ છે. જેનુ પાલન નીચેની અદાલતેએ કરવાનુ રહે છે, તેમજ તે સબંધે નામદાર હાઈકોર્ટને દેખરેખ રાખવાની પણ સુચના આપેલ છે. આ જ હકીકત સબંધે નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો **State of M.P., Appellant v. Kalu Thawar and another, Respondents.** ધ્યાને લેતા તેમા ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે, **Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court.**

જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોઈ હાલના કામે આરોપી વિરૂધ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ છે તેમ છતા આ કામે અન્ય આરોપીને હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ જોતા તેમજ કેસનો પ્ર કાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતુ નથી. જેથી તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો તથા તેમની સામેનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો. મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા.

તા.૮ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( બી. જે. પટેલ ) |
| તા.૮–૯– ૨૦૧૮. | | એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |